

સમજ, જો તારે આ બાળક માટે ભવિષ્યમાં લેપટોપની જરૂર તો પડવાની જ... અમારી એક જ પાર્ટી એવી છે જેણે પાંચ વર્ષ પહેલાંથી એ તમને આપવાનું વચન આપ્યું છે !

કડી પીટીસી કોલેજમાં સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ યોજાઈ

ગાંધીનગર, તા. ૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત એસ.વી. પીટીસી કોલેજ, એસવી કેમ્પસ કડી દ્વારા રાજયના પંચશક્તિ આધારીત વકૃતત્વ અને નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. જેના વિષયોમાં આધુનિક યુમાં વિવેકાનંદના આદર્શની પ્રસ્તુતતા, વિવેકાનંદ અને યુવાન વ્યક્તિ ઘડતરથી રાષ્ટ્ર ઘડતર, વિવેકાનંદ આધુનિક યુની આવશ્યકતા વગેરે વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ૨૫ તાલીમાર્થીઓમાં પ્રથમ ભઆભોર સરોજબેન, નિબંધ સ્પર્ધામાં પ્રથમ સેનમા જાગૃતિબેન તથા ભાઈઓ માં નિબંધમા ઠાકોર ભવાનજી પ્રથમ નંબર મેળવ્યો હતો.

ચૌધરી કન્યા વિદ્યાલયની બાળાઓએ વિવિધ રમતોમાં મેડલ્સ પ્રાપ્ત કર્યા

ગાંધીનગર, તા. ૬

અન્ડર-૧૭ અને અન્ડર-૧૯ ટેકવેન્ડો સ્પર્ધામાં ૧૧ બાળાઓએ ગોલ્ડ મેડલ નઅને ૨ બાળાઓએ સિલ્વર મેડલ મેળવેલ છે. ગોલ્ડ મેડલ ઉપાધ્યાય માહિમા, ચૌધરી કાજલ, વસૈયા ઉષા, ભાખરિયા સ્તા, પુરાણી તૃષા, ચૌધરી સુમન, પટેલ અપેક્ષા, તથા સિલ્વર મેડલ ચૌધરી ઉપેક્ષા અને કેતુ ને મેળેલ છે. અન્ડર-૧૧ ટેક વિન્ડો સ્પર્ધામાં પરમાર નિકીતા અસારી પુનમ, વડલિયા ભારતી, પટેલ હેમાંગી, ગોલ્ડ મેડલ મેળવેલ છે. તથા ફેન્સીંગ સ્પર્ધામાં ચૌધરી વર્ષા, શીતલ ઠાકોર, કીંજલ ગોલ્ડ મેડલ અને ચૌધરી અસ્મિતા સેજલ અને મિત્તલ સિલ્વર મેડલ તથા ચૌધરી વિમલા બ્રોન્ઝ મેળવે છે. આચાર્ય સંતોકબેન ચૌધરી અને કોચ લીલાબેન ચૌધરી તથા મિનાક્ષીબેન સુતરીયાને બિરદાવ્યો છે.

મ્યુનિ. શિક્ષકોને ઉચ્ચ પગાર ધોરણ

અમદાવાદ, તા.૬

શિક્ષક દિનની મહાનગર શિક્ષક દિન ઉજવણી સમિતિના ઉપક્રમે ઉજવણી કરવામાં આવી હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન ડો. જગદીશ ભાવસાર, વાઈસ ચેરમેન હર્ષદ પટેલ અને શાસનાધિકારી ડો. લગધીર દેસાઈએ જણાવ્યું હતું કે, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શિક્ષકોની વર્ષો જુની પડતર માંગણી વિદ્યાસહાયકોને ૯ના ઉચ્ચતર પગાર ધોરણ અને ૯નો ઉચ્ચતર પગાર મળ્યો હોય તેને ૨૦નો લાભ આપવાની મેયરે જાહેરાત કરી હતી.

રાજ્યના ૧૨ કલાકારોને ગૌરવ પુરસ્કાર

ગાંધીનગર, તા. ૬

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૧-૧૨ના સંગીત, નાટક, નૃત્ય અને લોકકલા અંગેના ગૌરવ પુરસ્કારનો અર્પણવિધિ સમારંભ તાજેતરમાં જયશંકર સુંદરી નાટ્યગૃહ અમદાવાદ ખાતે યોજાયો હતો.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના કેબીનેટ મંત્રી ફકીરભાઈ વાઘેલાના અધ્યક્ષસ્થાને યોજાયેલા ગૌરવ પુરસ્કારમાં રાજ્યના ૧૨ કલાકારોને સન્માનવામાં આવ્યા હતા. નાટ્યક્ષેત્ર માટે કાન્તીભાઈ પટેલ, પ્રફુલ્લ ભાવસાર અને રમેશભાઈ તૂરી, સંગીત ક્ષેત્ર માટે રમાકાન્ત સંત, પિયુ સરખેલ અને મુંજાલ મહેતા, નૃત્ય ક્ષેત્ર માટે કશ્મીરા ત્રિવેદી, ડૉ. રીટાબેન ચોકસી અને કુ. શીતલ મકવાણા તથા લોકકલા ક્ષેત્ર માટે ગોપાલ બારોટ, મીનાબેન પટેલ અને મુગટલાલ નાયકનું ૫૧૦૦૦ રૂ. રોકડા, તામ્રપત્ર અને શાલ આપી સન્માન કરવામાં આવ્યું હતું. સન્માન સમારંભમાં રમતગમત યુવા અને સંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી ઈશ્વરભાઈ પટેલ, સચિવ ડૉ. પ્રદીપ આઝાદ તથા અતિથિ વિશેષ પદે સચિવ ભાગ્યેશ જહા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને રાજ્યના ૧૨ કલાકારોને ગૌરવ પુરસ્કાર આપી સન્માનીત કર્યા હતા. સમગ્ર સમારંભનું સંચાલન અકાદમીના સહાયક નિયામક જે.જે. ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું. સમારંભમાં કલાજગતના અગ્રણી કલાકારો ઉપસ્થિત રહ્યા હતા.

રાયફલ શુટીંગમાં જય મહેતાએ ગોલ્ડ મેડલ મેળવ્યો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર ડીસ્ટ્રીકટ રાયફલ એસોસિએશન દ્વારા તાજેતરમાં રાયફલ શુટીંગ સ્પર્ધાનુંઆયોજન કરવામાં આવ્યું હતું. રાયફલ શુટીંગ સ્પર્ધામાં ગાંધીનગરના આશાસ્પદ શૂટર જય મહેતાએ ૧૦૦માંથી ૮૫ ગુણ મેળવી ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો. જિલ્લા કક્ષાની રાયફલ શુટીંગ સ્પર્ધામાં જય મહેતાએ અગાઉ બે ગોલ્ડ, એક સિલ્વર અને ૧ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. આ વર્ષે જય મહેતાએ ૧૦૦માંથી ૮૫ ગુણ મેળવ્યા હતા તેથી જય મહેતાની રેન્જ ઓફિસર તરીકે પસંદગી કરવામાં આવી હતી. રાજયકક્ષાની પસંદગી યાદીમાં અમદાવાદ ખાતે જય મહેતા ગાંધીનગરનું પ્રતિનિધિત્વ કરશે. જય મહેતાની આ સિદ્ધિ માટે ગાંધીનગર જિલ્લા રાયફલ એસો.ના પ્રમુખ મહેશભાઈ ચોકસી અને ગજેન્દ્રસિંહ બારડે અભિનંદન પાઠવ્યા હતાં.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા ઈન્ટર કૉલેજ ચેસ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર ખાતે તાજેતરમાં અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના યજમાન પદે ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કડી સર્વ વિશ્વ વિદ્યાલયની ૧૨ કોલેજોએ ચેસ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સમગ્ર સ્પર્ધામાં અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજનો રૂદ્રદત્ત પટેલ ચેમ્પિયન બન્યો હતો.

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના યજમાનપદે કડી સર્વ વિશ્વ વિદ્યાલયની યુનિ. કક્ષાની ચેસની સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં કડી યુનિ.ની કુલ-૧૨ કોલેજોએ ભાગ લીધો હતો. દરેક કોલેજમાંથી કોલેજ કક્ષાની સ્પર્ધા યોજ્યા બાદ તેમાંથી બેસ્ટ થ્રીની પસંદગી કરી કુલ-૩૬ જેટલા વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

સ્પર્ધાનું સંપૂર્ણ આયોજન અને સંચાલન પ્રો. રણછોડ રથવીએ કર્યુ હતુ. રેફરી તરીકે ભાવેશ ઠક્કરે સેવાઓ આપી હતી. સ્પર્ધામાં ચેમ્પિયન અશ્વિનભાઈએ પટેલ કોમર્સનો પટેલ રૂદ્રદત્ત બન્યો હતો. દ્વિતીય નંબરે એમ.બી.એ. ફાર્માના અટલ શુકલ આવ્યા હતા. તૃતીય સ્થાને એમ.એસસી બાયોટેક નો કોઠારી પાર્થ આવ્યો હતો. વિજેતા તમામ ખેલાડીઓને પ્રિ.જે.જે.ભટ્ટે યુનિ. સ્પોર્ટસ ઈન્ચાર્જ રણછોડ રથવી અને સુજલભાઈ પાઠકે અભિનંદન આપ્યા હતા.

સ્પર્ધાના આયોજનમાં સ્પોર્ટસ સેક્રેટરી જાનકી હંસાવાલા, વૈભવ પટેલ, રાહુલ બ્હોરા તથા ગાયત્રી પંચાલ તથા હેનલ રાજપૂત, ઈસિતા શાહ પણ મદદરૂપ બની સ્પર્ધાને સફળ બનાવી હતી તેવું યુનિ.ના સ્પોર્ટસ ઈન્ચાર્જ પ્રો. રણછોડ રથવીએ જણાવ્યું હતું.

એનએસયુઆઈ દ્વારા ગુરુજનોને પુષ્પાર્પણ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લા એન.એસ.યુ.આઈ. દ્વારા ગાંધીનગરની તમામ કોલેજમાં આચાર્યશ્રીઓની શિક્ષક દિન નિમિત્તે મુલાકાત લેવામાં આવી હતી અને ગુરુવર્યોને પુષ્પગુચ્છ અર્પણ કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

એન.એસ.યુ.આઈ.ના વિદ્યાર્થી આગેવાન અને યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ વિરેન્દ્રસિંહ વાઘેલા, ગુજરાત યુનિવર્સિટી વેલફેર મેમ્બર પ્રતીકસિંહ ગોહિલ, આઈ.ટી. સેલના મહામંત્રી વિક્રમસિંહ ચાવડા, નયન શ્રીમાળી, કિશનસિંહ ચાવડા, અપૂર્વસિંહ વાઘેલા, જૈમિનભાઈ પટેલ, ઉગમસિંહ, અક્ષરહુસેન તથા અન્ય ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

શાળા-મહાશાળાઓમાં શિક્ષક દિવસની ઉત્સાહપૂર્ણ ઉજવણી

● પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજ

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજ ખાતે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિન નિમિત્તે આજે સ્વયં શિક્ષક દિનની વિદ્યાર્થીનીઓ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. આચાર્ય, અધ્યાપક, ક્લાર્ક, પ્યૂન અને લાઈબ્રેરીયન સુધીની ભૂમિકાઓ આજે વિદ્યાર્થીનીઓ દ્વારા જ અદા કરવામાં આવી હતી. કુલ ૩૪ વિદ્યાર્થીનીઓએ સાથે મળીને સમગ્ર દિવસનું કાર્યતંત્ર સંભાળ્યું હતું. પટેલ પિન્કીએ આચાર્ય તરીકે અને સેતુ ચૌધરી, મેઘા પટેલ તથા ભારતી ચૌધરીએ સેવિકાની ફરજ અદા કરી હતી. દિવસ પૂર્ણ થવા સમયે આ સૌ વિદ્યાર્થીનીઓએ પોતાના અનુભવો પણ વર્ણવ્યા હતા. કૉલેજનાં આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ અધ્યાપક બનેલી સૌ વિદ્યાર્થીનીઓને બિરદાવી હતી અને તેમને આ સુંદર ઉજવણી બદલ અભિનંદન પાઠવ્યા હતા.

● ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ કોલેજ

ભારત દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસને સ્વયંશિક્ષકદિન તરીકે ઉજવી તેમના કાર્યને સાચી અંજલિ આપવાની પ્રથા સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સંસ્થા ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ દર વર્ષે રાખે છે, તે જ રીતે આ વર્ષે પણ આ દિવસની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી. ડૉ. અમૃતાબેનના આચાર્યપદેથી તેમના માર્ગદર્શન પ્રમાણે સમિતિના કન્વીનર પ્રા. હરિતભાઈ પટેલ તથા સમિતિ સભ્યો પ્રા. પાયલબેન પંડયા તથા પ્રા. રાકેશભાઈ પ્રજાપતિના સહયોગથી આ દિનની ઉજવણી કરવામાં આવી. આ કોલેજના જી.એસ. કુ. ભાવના વી. ચાવડાએ પ્રિન્સિપાલ તરીકે અને વાઈસ જી.એસ. કુ. શિલ્પા વી. રાઠોડે વાઈસ પ્રિન્સિપાલની ભૂમિકા ભજવી હતી.ટીચર્સ બનેલી વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક શૈક્ષણિક કાર્ય કર્યું હતું તેમજ વહીવટી કર્મચારી તરીકેનું પણ કાર્ય વિદ્યાર્થીનીઓએ કર્યું હતું.

● એસ કે પટેલ કોલેજ

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત એસ. કે. પટેલ કોલેજમાં બી.બી.એ. અને બી.સી.એ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિન નિમિતે શિક્ષક દિન અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષક દિનમાં કોલેના વિદ્યાર્થીઓએ શિક્ષક બનીને આચાર્ય થી લઈને સેવક સુધીની કામગીરી સંભાળી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ સ્વંયશિસ્તતા જાળવી હતી. કોલેજ કામગીરી પૂર્ણ કર્યા બાદ બપોરે વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. કોલેજના આચાર્ય રમાકાંત પુષ્ટિ, પ્રા. નિરવભાઈ, ડૉ. એન.એન.જાની, ડૉ. સોમભાઈ પટેલ, ડૉ. મણીભાઈ પ્રજાપતિ સહિત કોલેજના પ્રાધ્યાપકશ્રીઓ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

● વારાહી એજ્યુકેશન કોલેજ

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વારાહી એજ્યુકેશન કોલેજ ચાંદખેડા ખાતે આજે શિક્ષક દિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રાર્થના સભામાં વારાહી એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મણીભાઈ પટેલ અને આચાર્ય શ્રી અનિલભાઈ પટેલે આદર્શ શિક્ષક અને સમાજમાં તેની ભૂમિકા પર વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો સાથે સાથે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવંત પ્રસારણનો લાભ પણ કોલેજના વિદ્યાર્થીઓએ લીધો હતો. આ દિવસની ઉજવણીના ભાગરૂપ બી.એડ.ના તાલીમાર્થી શ્રી પરમાર હરેશે પ્રિન્સપાલ તરીકે તથા પરમાર નિશાકુંવર, પિલ્લે રાખી, પ્રિત કોર, સિંહ ગીતા, રાઠોડ ભાનુમતિ, બેકર જાગૃતિ, શાહ શર્મિલા, ચૌહાન પાયલે અધ્યાપક તરીકે તથા સરંજીત કોર, ચુર્યવંશી દિમી, પ્રજાપતિ કેલ્વિના, પ્રજાપતિ પ્રિતી, પટેલ પ્રતિક, સિંઘલ નેહા, સુરજકર અંકિતાએ લાયબ્રેરીયન, કલાર્ક તથા સેવક તરીકે કામગીરી બજાવી હતી. સમાપન કાર્યક્રમમાં શિક્ષક બનેલ વિદ્યાર્થીઓએ તેમના અનુભવો કહ્યા. સમગ્ર દિવસ દરમિયાન કોલેજનું સંચાલન શિક્ષક બનેલ તાલીમાર્થીઓએ કર્યું. આચાર્યશ્રીએ બધાને અભિનંદન પાઠવ્યા. બેસ્ટ ટીચર તરીકે પ્રથમ ક્રમે-ચૌહાણ પાયલ, દ્વિતીય ક્રમે પરમાર નિશાકુંવર, તૃતીય ક્રમે બેંકર જાગૃતિ પંસદગી પામ્યા હતા. તમામ વિદ્યાર્થીઓને આચાર્યશ્રી દ્વારા પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતાં.

● આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ

શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલમાં સ્વય શિક્ષક દિનની ઉજવણી તા. ૬ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવી હતી. ૧૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આચાર્ય તરીકે કોમર્સ કોલેજ વિભાગના ઝાલા વીરસિંહે ભૂમિકા અદા કરી હતી. વિદ્યાર્થીઓએ ક્લાર્ક અને સેવકભાઈ તરીકે પણ સેવા બજાવી હતી. આચાર્ય ચીનુભાઈએ વિદ્યાર્થીઓને આર્શિવચન પાઠવ્યા હતા. મેવાડા વિપુલભાઈ બી. પટેલ, દિનેશભાઈ એસ. પ્રજાપતિ, મહેન્દ્રભાઈ પટેલ, હિતેન્દ્રભાઈ એ માર્ગદર્શન આપેલ હતું.

● જે.બી. પ્રાથમિક શાળામાં

સર્વ વિશ્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળામાં શિક્ષકદિનની ઉત્સાહ ભેર ઉજવણી કરવામાં આવી હતી. ૧૩૦ વિદ્યાર્થીઓએ શાળાની જવાબદારી સંભાળી શિક્ષણ કાર્ય સંભાળ્યું હતું. વિદ્યાર્થીઓએ પણ સહકાર આપ્યો હતો. આચાર્યની જવાબદારી સંભાળનાર હિરેન વાઘેલા, શ્રેષ્ઠ શિક્ષણ કાર્ય કરનાર શિક્ષકો ભારી અજયસિંહ, શાહ નિકુંજ, ઠક્કર લખન, પટેલ કિશનને શાળાના આચાર્યા નાપાબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

● પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય

પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. બાળકોએ પ્રાર્થના, સ્વાગતનૃત્ય સ્વાગત ગાન, કરીને મહેમાનોને આવકાર્યા હતા. સ્વાગત આચાર્ય યુવરાજસિંહ વાઘેલાએ કરેલ હતું. ટ્રસ્ટી શોભનાબેને શિક્ષકદિનની ઉજવણી વિશે માહિતી આપી હતી. શાળા હિન્દી માધ્યમ અને રાષ્ટ્રભાષાની ઉત્તમ સેવા કરવા કટિબધ્ધ છે. શહેરના વિવિધ વિસ્તારો કલ્પતરૂ સર્કલ સે.-૩૦ સર્કલ જાગૃતિ અભિયાન કરેલ હતું. સ્વંય શિક્ષકદિનની ઉજવણી આચાર્ય તરીકે સંદિપ, યાદવ, શ્રેષ્ઠ શિક્ષકો મનીશ દિવાકર, યાદવ સીમા, જોશી સાવન આવ્યા હતા. વાલીઓ તથા ટ્રસ્ટી અર્જુનસિંહ વાઘેલા, વાઘેલા શોભબા હાજર રહ્યા હતા.

● સ્કૂલ ઓફ એચિવર

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણની યાદમાં શિક્ષકદિનની શાળામાં ઉજવણી કરવામાં આવી હતી. ધો.-૧થી ૧૦ કુલ ૬૦ વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકામાં શિક્ષણ કાર્ય કરાવ્યું હતું. પટેલ મિલિન્દ આચાર્ય, કૌશલ પટેલ ઉપાચાર્યસ કશ્યપ પટેલ, કો. ઓડિનેટર પટેલ યશ અને પટેલ જેતુલે સુપરવાઈઝર તરીકે શાળાનું સંચાલન કરેલ હતું. સમુહ પ્રાર્થના, ઋતુગાન સ્પર્ધા યોજેલ હતી. ૩૪ બાળકોએ ભાગ લીધો હતો. આચાર્યએ અભિનંદન પાઠવેલ હતા.

● જયપ્રકાશ વિદ્યાલય

જયપ્રકાશ વિદ્યાલય સે.-૨૬ ગાંધીનગરમાં શિક્ષકદિનની ઉજવણીમાં સ્વંય શિક્ષકદિનના ભાગરૂપે યોજલ હતો. શિક્ષકદિનનું મહત્વ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સમજે તેનું મુલ્ય સમજાય તે આશય સાથે શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવે છે. શાળાના વિદ્યાર્થીઓએ બાયસેગ દ્વારા સીધું પ્રસરણ નિહાળ્યું હતું. સર્વપલ્લી રાધાકૃષ્ણની યાદમાં વકૃતત્વ સ્પર્ધા યોજેલ હતી. સમગ્ર કાર્યક્રમમાં આચાર્ય તથા શિક્ષકગણે, સ્ટાફે માર્ગદર્શન આપેલ હતું.

ઉઘડતે પડદે

- સંજય થોરાત

મારું વનરાવન છે રુડું, વૈકુંઠ નહી રે આવું...

શિવરંજનીના રઢિયાળા રાતનાં લોક ડાયરામાં લોક સંગીતની જમાવટ

લોક સાહિત્યથી તરબતર ડાયરામાં દુહા-છંદ- લોકગીતો સાથે ચારણી પડછંદ રસા સ્વાદમાં બિહારીદાન ગઢવીના કલાકારો મનમુકીને ખીલ્યાં : ગાંધીનગરનાં ભરત કવિની ગઝલની રજૂઆતથી પ્રેક્ષકો આનંદ વિભોર થયાં

મારું વનરાવન છે રૂડું, વૈકુંઠ નહી રે આવું... સોના વાટકડી રે કેશર ઘોળ્યા રે વાલમીયા... અને મણિયારા રે ગોકુળ ગામનાં... આવાં કંઠની મીઠાશ અને હલક વાળા લોકગીતોની સૂરાવલિમાં સમાયેલા સૌંદર્ય સમ ગુજરાતનાં અધાઢી કંઠના માલિક સ્વ. હેમુ ગઢવીની જન્મ જંયતિ ૮મી સપ્ટેમ્બરે આવે છે અને એમનાં જ ગીતોથી મઢેલી 'રઢિયાળી રાત' એમનાં જ દીકરા બિહારીદાન ગઢવીનાં 'ડાયરા' દ્વારા રજૂ કરી 'શિવરંજની'એ લોક સંગીત અને લોકગીતોની રજૂઆત કરી સ્વ. હેમુ ગઢવીની સ્વર શ્રદ્ધાંજલી અર્પી...

લોક સંગીત અને લોક સાહિત્યની સરવાણી એવી સરળ અને સવારે ઉઠીએ અને રાત્રે પથારી ભેગા થઈએ એ બે છેડાની વચ્ચે જે જે વસ્તુઓ એ તમામ જનમ-મરણ, પ્રણય- પરિણય... એ 'ડાયરા'ના રંગમાં જોવા મળે છે, સંસ્કૃતિ અને રોજિંદા જીવનની ઝલક બતાવે એટલે સમજવામાં અત્યંત સરળ એવું કહી જયરાજસિંહ સરવૈયા સૌને શાબ્દિક આવકાર્યા... ડાયરાની જમાવટ કરવાં આવેલા કલાકારોનો પરિચય આપી સ્ટેજ સંચાલન ચારણી સાહિત્યના મર્મજ્ઞ હરેશદાન ગઢવીને આપી બાપુ વિદાય લઈ ગયાં.. યા દેવી સર્વ ભૂતેષુ, શ્રદ્ધા રૂપેણ સંસ્થિતા... ભક્તિવંદનાથી ચારણી પહાડી અવાજમાં પ્રસ્તુની કરી કાર્યક્રમ જોરદાર થશે એવા વધારમણાં આપી દીધાં!!

કાઠિયાવાડમાં કોક દિ, ભૂલો પડ ભગવાન,

થાજે મારો મેમાન, તને સરગ ભૂલાવું શામળા...

ના દોહાની રમઝટમાં તાલ, મંજીરા, ઢોલક, તબલાં અનમે બેન્ઝોની સરાવલીથી અસ્સલ કાઠિવાડી મિજાજ બતાવી ડાયરાની જોરદાર જમાવટ થઈ ગઈ!!

ચારણી સાહિત્યનાં મર્મજ્ઞ હરેશદાન ગઢવીએ ત્રણ મહત્વ બહુ મસ્ત સમજાવ્યું, ઘા- ફુંક- ઘહરકો, કોળીયો- હબડકો- ઘૂંટડો, ધાર- અણી-ઘુબાકો, બચપન- જવાની- બુઢાપો... કોઈપણ ક્ષેત્રમાં તારણતો ત્રણ જ નીકળે... જે માણસને એક રોટલાની ભૂખ હોય અને બીજાનાં આંચકે એને નિવૃત્તિ કહેવાય, એકની ભૂખને એક જ ખાય એ પ્રકૃતિ કહેવાય, પણ ઘરે કોઈ આવે અને થાળીમાંનો એક રોટલો અડધો -અડધો વહેંચીને ખાય એને સંસ્કૃતિ કહેવાય... જેવી વાતોથી ડાયરાની રમૂજી વાતો પણ કરી કે, 'એક ભાઈનું ૨૫ વખત રકતદાન કરવા માટે સન્માન એમની પત્નીનું કર્યું, કેમ તમે પીધું નહીં તંઈ તો એણે દીધું ને...' અસ્સલ ચારણી અંદાજમાં પ્રેક્ષકો ખેંચાયા!!

'ડાયરા'માં આવેલા એક માત્ર મોહલા ગાયીકા જયશ્રી ભોજવીયા ખાસ મુંબઈથી આ કાર્યક્રમમાં આવેલાં અને હું કો કાગળીયા લખી લખી થાકી, કાનુડા તારા મનમાં નથી... મારો ટોડલે બેઠો રે મોર કાં બોલ, મારા દલડાં દીઠાં જાય, જનાવર જીવતાં હાલ્યા જાય... દિવાળીબેન ભઈલનાં હુબહુ અવાજ સાથે ઘનાઘન શરૂઆત કરી, ધે ધે ધે શહનાઈ ઢોલ, ડમક ડમક દૂર ડમકત ના દોહા સાથે ૧૫ મિનિટનાં એમનાં સ્લોટમાં પ્રેક્ષકોને ક્યાંય ભટકવા ના દઈએ એમણે એમનાં કરેલાં વખાણ સાથેક કરી દીધાં!!

'શિવરંજની'ના આ કાર્યક્રમમાં સંચાલક ભરતદાન ગઢવી એટલે હુકમના એક્કા સાબિત થયાં... મારા તો વીરની પોપટ સરખી ચાલ, કિયો તે ગામનાં આડા અવળાં રસ્તા, અમે નજરે જોતાં દીઠાં. એમાં સહેજ મોડા આવીયા જેવી લગ્નગીતની પંક્તિથી ગ્રામીણ માહોલ ખડો કર્યો... જન્મના પહેલાં દિવસનો આનંદ, મૃત્યુના પહેલા દિનો શોક, વરસાદની પ્રથમ હેલીની માટીની ખુશ્બુ... પ્રથમનો આનંદ એનેરો બાકી બીજે દિ થી ઘરવાં માંડે એવી મજાની વાત ભરતદાને કરી અને બિહારીદાન ગઢવીને એમનાં કંઠનો જાદુ પિરસવા આમંત્રણ આપ્યું...

લોક સંગીતનાં આહેકાને વંદન કરી એમણે પહેલાં જેમની સંગત થીકી એમનો અવાજ શણગારાય છે એવાં કલાકાર વૃંદનો પરિચય કરાવ્યો... તબલાં વિશારદ બળવંત ગોસાઈ, તાલ-મૃદંગ-ઢોલકના કુદરતી બક્ષીસ ધરાવતાં ઈકબાલ હાજી કે જેઓ પ્રખ્યાત હાજી ઈસાના સુપુત્ર છે અને હાજી ઈસા એ હેમુ ગઢવી સાથે વગાડતાં એટલે વારસાગત સંગતનો સિલસિલો જાળવ્યો છે. મોરારીબાપુની કથામાંથી ક્ષી થાય તો અન્યોને એમનાં બેન્ઝોથી સંગત આપતાં હિતેશગીરી ગોસાઈ, સુરેશ જતી અને કાનજી પરમાર મંજીરા વાદક છે. કહી ગુજરાતનાં લોકસંગીતનાં આરાધકો દુલા ભાયા કાગ, આપા ભાયા, ઝવેરીચંદ મેઘાણી, હેમુ ગઢવીનાં યોગદાનની વાત કરી એમનાં જ સ્વ. પિતાજી હેમુ ગઢવીનું, મોર બની થનગનાટ કરે, મન મોર બની થનગાટ કરે... કોરસ અને વાદ્યવૃંદે ગીત યાદગાર બનાવી દીધું અને પાછળ જ અમે મોડયારાં કંસરાજીના ને કોઈના ના દઈએ દાન, મારો ગડો મારો મેલી દીયોને ઘેલા કાન... જમાવટ કી દીધી!!

હરેદાને શબ્દો- સંહિતાની વાત મજાથી માંડી, જનક રાજા હળખડેને સિતાજી મળે, લાલા લજપતરાયને જેણે માર્યા હતાં એને મારવાનું બીડું શહિદ ભગતસિંહે ઝડપેલું અને જ્યારે એને માર્યાનાં સમાચાર છપાયા ત્યારે માતાએ કીધું તે આ મારા દિકરાનું જ કામ એવી અતૂટ શ્રદ્ધા જેવી શેર લોટી ચઢે એવી વાતો સાથે અય મેરે પ્યારે વતન, અય મેરે બીછડે ચમન, તુજપે દિલ કુર્બાન અને છેલ્લો કટોરો ઝેર તો તમે પી જાજો બાપુ ઝવેરચંદ મેઘાણીની રચનાએ દર્દ ઘૂંટયું અને દે દી હમે આઝાદી બીના ખડગ બીના ઢાલ, સાબરમતી કે સંત તુને કર દીયા કમાલ થી હરેશદાન ચારણી કમાલ બતાવ્યો... તારે જરૂર છે ટેકાની, મારે જરૂર છે કેશની ચાલને પથારી ફેરવીએ દેશની... જેવી વાતથી કટાક્ષો મારી... શિવાજીના જન્મની વાત કરી બિહારીદાનને એ અતિ પ્રસિદ્ધ હાલરડું ગાવાનું નોંતરૂ આપ્યું...

મોરનાં ઈંડા ચિતરવા ના પડે એ હિલાબેહેમુ ગઢવીના આ સુપુત્રએ આભમાં ઉગેલા ચાંદલોને જીજાબાઈને આવ્યા બાળ, બાપુજાને માત હિંચોળે, ઘણણ ડુંગરા ડોલે, શિવાજીને નિંદરૂ ના આવે, માતા જીજાબાઈ ઝુલાવે... પ્રેક્ષકોએ તાળઈઓના ગડગડાટથી વધાવી લીધા.. ડાયરો હવે એક રંગ પકડતો હતો ને 'રમુજના રાજા'ના વિજેતા ગુણવંતભાઈ ચુડાસમાંએ હાસ્યનાં હિલોળે ચઢાવવાં માઈક સંભાળ્યું... જે હસે નહી એનો ભરોસો ના કરવો અને જે ખૂબ હસે એનોય ભરોસો ના કરવો, સંસારમાં હોય એને હમાની ચિંતા, નાગા બાવાને ચરણ સ્પર્શ કર્યા તો કહે હું તો નદીએ ન્હાવા પડચોને મારા કપડાં ચોરાઈ ગયાં. ભારતમાં તો નાગાનેય સંતનું સન્માન મળે છે... ગામડામાં દિવાલ પર ગોળીનાં નિશાન બરાબર કુંડાળા વચ્ચે હતાં, સૈનિક રાજી થયો અને પૂછ્યું તો બાપુએ કીધું અને પહેલાં ગોળી મારીએ અને પછી કુંડાળા કરીએ છીએ... આજકાલ બહેનો દશા મા પાસે હોય અને ભાઈ નશામાં હોય... જેવી મસ્ત રમુજો અને એમાંય એમનાં ચહેરાના નિર્દોષ હાવભાવે હાસ્યનું

● અનુસંધાન છઠ્ઠા પાને